**Name of Work:** **4217 C.O on U.D**
**Providing Bump and Relevent Road Furniture works on Metro Route Junction in SD26 Jurisdiction (Ch-0 to Mahatma Mandir Metro Station)(Relevant Road Furniture work on Metro Route)**

# ખાસ શરતો તથા પુર્વપાત્રતા

| | |
|---|---|
| (૧) | બાનાની રકમ (ઈ.એમ.ડી.-એફ.ડી.આર), ટેન્ડર ફી (ડી.ડી) તથા ટેન્ડરમાં દર્શાવેલ તમામ દસ્તાવેજો ઓનલાઈન તથા બીડ સબમીશન સાથે હાર્ડ કોપીમાં સામેલ રાખેલ નહિ હોય તો તેવા ટેન્ડર/બીડર ને રદ કરવામાં આવશે. |
| (૨) | બધું જ કામ ટેન્ડરમાં સામેલ જોગવાઈઓ મુજબ અને લગત ઈજનેરશ્રીની સુચના પ્રમાણે ઈજારદારશ્રીએ કરી આપવાનું રહેશે. |
| (૩) | સક્ષમ અધિકારીશ્રીની સુચના મુજબ જ માલ સામાન સપ્લાય કરી કામગીરી કરવાની રહેશે. |
| (૪) | સદર કામ ઘણુ જ અગત્યનુ હોઈ તમામ કામગીરી **વર્ક ઓર્ડર સોપ્યાના ૧ માસ મા નિયત સમય મા પુર્ણ કરવાનુ** હોવાથી  સમય-મર્યાદામાં કામગીરી પૂર્ણ નહીં કરવામાં આવે તો, નિયમોનુસાર/ટેન્ડરમાં સામેલ શરતો અને જોગવાઈઓ મુજબ પ્રતિદિન લીક્વીડેટ ડેમેજ /પેનલ્ટી વસુલાત કરવામાં આવશે. |
| (૫) | સમય-મર્યાદામાં કામગીરી પુર્ણ નહીં કરવામાં આવે તો, નિયમોનુસાર/ટેન્ડરમાં સામેલ શરતો અને જોગવાઈઓ મુજબ પ્રતિદિન લીક્વીડેટ ડેમેજ/પેનલ્ટી વસુલાત કરવામાં આવશે. |
| (૬) | ઈજારદારશ્રી દ્વારા ભરેલાં ભાવો તમામ પરિસ્થિતિ, સ્થળ, ભેજ અને હવામાન વગેરે હેઠળ કામ માટે અમલમાં રહેશે. |
| (૭) | સરકારશ્રીનાં વખતોવખતનાં નિયમો, ઠરાવ, શરતો, જોગવાઈઓ, ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે. |
| (૮) | કોઈપણ એક કે બધા ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય મંજુર કે ના મંજુર કરવાનાં હક કાર્યપાલક ઈજનેર પાટનગર યોજના વિભાગ નં. ૦૧ અથવા તેનાથી ઉપરના સક્ષમ અધિકારીશ્રીનો અબાધિત રાખવામાં આવે છે. |
| (૯) | કોઈપણ જાતનાં શરતી ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહીં. નિયત સમય મર્યાદા બહાર ઓનલાઈન તેમજ ડોક્યુમેન્ટ સબમીશન ધ્યાનમાં લેવામાં આવશે નહીં તથા આવા ટેન્ડરો રદ ગણાશે. |
| (૧૦) | કરેલ કામનું ચુકવણું સરકારશ્રીમાંથી નાણાંની પ્રાપ્તિ થયેથી કરવામાં આવશે. ચુકવણાં માટે એજન્સીની કોઈપણ જાતની તકરાર તથા નાણાં વ્યાજ સાથે ચુકવાની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં કે કોઈ વાધો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. તેમજ ચુકવણું મોડું થવા બાબતે કોઈ દાવો કરી શકાશે નહીં. |
| (૧૧) | આ કામગીરી માટે ઈજારદારે લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એક્ટ-૧૯૭૦ તથા તે હેઠળ ૧૯૭૨ નાં ગુજરાતનાં નિયમોની જોગવાઈઓ તથા કામદાર વળતર અધિનિયમ-૧૯૨૩ તથા તે હેઠળનાં નિયમોની જોગવાઈઓ અનુસાર ઠેકેદારે રોકેલ મજુરોનાં કાયદેસરનાં હિતોનાં રક્ષા કરવાની તેમજ પ્રસ્તુત કાયદા અને નિયમો હેઠળ કરાયેલ સુવિધા/સગવડો ઉપલબ્ધ કરવાનો પ્રાથમિક વૈધાનિક જવાબદારી મજુરો કામે રાખનાર જે તે ઈજારદારશ્રીની રહેશે અને આ કામગીરી દરમ્યાન કામદારોને થતાં અકસ્માતથી શારિરીક ઈજા થાય તો તે અંગેની વળતર સહિતની સઘળી જવાબદારી ઈજારદારશ્રી રહેશે. |
| (૧૨) | ટેન્ડર ભરનાર ઈજારદારશ્રી દ્વારા ખોટી માહિતી આપવાનું કે ખોટા પ્રમાણપત્રો, દસ્તાવેજો રજું કર્યાનું |

| | |
|---|---|
| | ધ્યાને આવશે તો તે ઈજારદારશ્રી ગેરલાયક ઠરશે. તેની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે તથા ટેન્ડર ક્લોઝ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. |
| (૧૩) | જે ઈજારદારશ્રીઓનાં ભાવો અતિ નીચા ભરેલા જણાશે. તો તેઓશ્રીએ કચેરી ખાતે ભાવ પૃથ્થકરણ રજું કરવાનાં રહેશે. અને જો ભાવોમાં વ્યાજબીપણૂં જણાશે નહીં તો તે ભાવો રદ કરવામાં આવશે. |
| (૧૪) | કોઈપણ ઈજારદારશ્રી જો સબ કોન્ટ્રાકટમાં કામગીરી કરતા જણાશે તો તેઓશ્રીનું ટેન્ડર નિયમોનુસાર રદ કરવામાં આવશે તેમજ બાનાની રકમ જપ્ત કરવામાં આવશે અને ટેંડરના નિયમો અનુસાર ની કાર્યવાહી કરવામા આવશે. જેમાં કોઈ જ તકરાર કે વિવાદ ચલાવવામાં આવશે નહીં. કામગીરી દરમિયાન કામ કરતા ઈજારદાશ્રી દ્વારા પોતેજ કામ કરતાં હોવાના જરૂર મુજબનાં અને વિભાગ દ્વારા ટેંડરમા માંગવામાં આવે તે પુરાવા અને દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. |
| (૧૫) | સદર ટેન્ડરની કામગીરી દરમિયાન તથા ડી.એલ.પી સમય દરમિયાન કામગીરી કરતી વખતે રોડ સેફટી, કામ કરતા માણસો-રોજમદારો તથા અન્ય ઈસમો, રસ્તા ઉપરથી પસાર થતા વાહનો, વાહન ચાલકો, પદયાત્રીઓ, યંત્રો-ઓજારો તેમજ પ્લાન્ટની સેફટી અંગેની જવાબદારી સંપૂર્ણપણે લગત ઈજારદારશ્રીના ખર્ચે અને જોખમે તેઓના શિરે રહેશે. સેફટી/સલામતી બાબતે કોઈપણ સંજોગોમાં વિભાગ કે વિભાગનો કર્મચારી જવાબદાર રહેશે નહીં. |
| (૧૬) | સદર કામગીરી નિયત સમય-મર્યાદામાં પૂર્ણ કરવાની હોવાથી ઈજારદારશ્રી ધ્વારા મેન્યુફેક્ચરીંગ યુનીટ કે જેના ધ્વારા SS 304 ના બોર્ડ બનાવવામાં આવશે તેની વિગતો રજુ કરવાની રહેશે. જે મેન્યુફેક્ચરીંગ યુનીટ ધરાવતા ઈજારદારશ્રી સદર કામગીરી કરવા ઓથોરાઈસ્ડ કંનવર્ટર હોવા જોઈએ તેમજ SS 304 ના બોર્ડની કામગીરી કરવા સક્ષમ હોવા જોઈએ તેમજ બાહેધરી રજુ કરવાની રહેશે. જરૂરી આધાર પુરાવા ટેંડર સાથે ઑનલાઈન તેમજ હાર્ડકોપીમા રજુ કરવાના રહેશે તેમજ ઈજારદારશ્રીએ ટાઈપ-૧૧ રીફ્લેક્ટીવ શીટનો ભારતમા 3 વર્ષનો બહારના વાતાવરણને લગત IRC-67 ક્લોઝ-૬.૭ મુજબનો ટેસ્ટ રીપોર્ટ રજુ કરવાનો રહેશે. |
| (૧૭) | સદર કામગીરી અન્વયે થર્મોપ્લાષ્ટ મટીરિયલ ફરજીયાત MORTH ગાઈડ્લાઈન (BS & commercial grade strictly not allowed) અનુસાર જ લાવવાનુ રહેશે. તેમજ તમામ બોર્ડ ની રીફ્લેક્ટીવ શીટ MORTH /IRC ગાઈડ્લાઈન અનુસાર Type-11 મુજબ હોવી અનીવાર્ય છે. અન્ય કોઈ મટીરિયલ ગ્રાહ્ય રાખવામા આવશે નહી. જેના સંતોશકારક ટેસ્ટ રીજલ્ટ આવ્યા બાદ જ ચુકવણુ કરવામા આવશે |
| (૧૭) | સદર બોર્ડ તેમજ થર્મોપ્લાષ્ટ ની કામગીરી અન્વયે કરવાના થતા તમામ રીફ્લેક્ટીવ ટેસ્ટ , SS 304 ગ્રેડ ના નિયમ અનુસારના ટેસ્ટ ઈજારદારશ્રી એ સ્વખર્ચે કરાવવાના રહેશે તેમજ ટેંડરના સ્પેસિફિકેશન મુજબ ગેરેંટી ,વોરંટી ના પ્રમાણપત્રો તેમજ સંતોશકારક ટેસ્ટ રીપોર્ટ આવ્યા બાદ જ ચુકવણુ કરવામા આવશે. |
| (૧૮) | જરુરીયાત જણાતા સદર ટેંડર ને કોઈપણ કારણ આપ્યા વગર રદ કરવાની સત્તા સક્ષમ અધીકારીની રહેશે. જેમા કોઈ વિવાદ ચલાવવામા આવશે નહી. |

**ખાસ નોંધ** :- ઉપરોક્ત તમામ શરતોનુ **સોગંદનામુ રૂ!. 300 ના સ્ટેમ્પ** પર ઓનલાઈન તથા હાર્ડકોપીમાં ફરજીયાત રજુ કરવાનું રહેશે. જે ખાસ ધ્યાને લેવું.

કાર્યપાલક ઈજનેરશ્રી
પાટનગર યોજના વિભાગ -૧
ગાંધીનગર